

**શહેરની કાલુપુર બેંક દ્વારા ડાયાબિટીસ અને નેત્ર ચેકઅપ કેમ્પ યોજાયો**

ધી કાલુપુર કોમર્શિયલ કો.ઓપ.બેંક લી. દ્વારા કડી કેમ્પસ સે. ૨૩ની શાખા ખાતે અગિયારમાં વર્ષમાં પ્રવેશની ઉજવણી ડાયાબીટીસ તપાસ કેમ્પ અને આઈ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ માણેકલાલ પટેલ, સિદ્ધરાજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ.ના ચેરમેન ચૈતન્યભાઈ બી. પટેલ, સફાલ ઈન્ડસ્ટ્રીના રમેશભાઈ પટેલ, મુખ્ય કચેરીથી સી.એમ. શુકલ, શાખા મેનેજર હિતેશભાઈ જે. દેસાઈ, આ.સી. શાખા મેનેજર ગીરીશભાઈ વી. પટેલ, સાથે સ્ટાફ, અધિકારીઓ તથા ખાતેદારો ઉપસ્થિત રહ્યા હતા. હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન અને નેત્રાલય સુપર સ્પેશ્યાલિસ આઈ હોસ્પિટલનો સહયોગ રહ્યો હતો.

# કોઈ પક્ષમાં જોડાઈને નામના હલકી કરવા ઈચ્છતો જ નથી

**હેમંત ચૌહાણનો અચાનક યુ ટર્ન : વિડિયો વાયરલ : ભજન અને લોકગાયક હેમંત ચૌહાણે અંતે સ્પષ્ટતા કરતા રાજકારણમાં ચકચાર મચી : ભાજપમાં સામેલ થયા નથી**

અમદાવાદ, તા.૨૧

ભાજપના ભારતીય સદસ્યતા વૃદ્ધિ અભિયાનને આજે એક મોટો ફટકો પડ્યો હતો. હજુ બે દિવસ પહેલાં જ મોટા ઉપાડે



ગુજરાતના અનેક લોક કલાકારોને ભારે તામ-ઝામ સાથે પક્ષમાં જોડાવાનો ભાજપે કાર્યક્રમ કર્યો હતો તેની ભીતરની પોલ જાણીતા ભજનિક અને લોકગાયક હેમંત ચૌહાણે ખોલી નાંખતા ગુજરાતના રાજકારણમાં ભારે ચકચારમ મચી ગઈ છે. હેમંત ચૌહાણે બુધવારે એક વીડિયો જારી કરીને સ્પષ્ટતા કરી હતી કે, તે ભાજપમાં જોડાયા નથી કારણ કે તે કોઈ પણ રાજકીય પક્ષમાં જોડાઈને તેમની નામના હલકી કરવા માગતા નથી. હેમંત ચૌહાણે આ વીડિયોમાં જણાવ્યું છે કે, તેઓ લોકગાયક અને ભજનિક છે અને ભાજપની સિદ્ધિઓ બદલ તેઓ અન્ય સિનિયર ગાયકો અને સંગીતકારો તથા લોક કલાકારો સાથે મળીને અભિનંદન પાઠવવાના કાર્યક્રમમાં ગયા હતા. પરંતુ ત્યાં તેમનું સન્માન કરીને એવી જાહેરાત કરી નાંખવામાં આવી કે તેઓ ભાજપમાં જોડાયા છે. આવું કાંઈ નથી કારણ કે તેઓ તો લોક કલાકાર છે અને તેઓ કોઈ એક પક્ષની વિચારધારાને વરેલા નથી. તેમને મન તો તેમના ચાહકો જ સર્વસ્વ છે અને તેઓ તો ચાહકોના દિલોમાં બિરાજમાન રહેવા માગે છે. કલાકારોનું જાહેરમાં અને રાજકીય પક્ષો દ્વારા સન્માન થવું એ બહુ સામાન્ય બાબત છે, એમ જણાવી હેમંત ચૌહાણે ઉમેર્યું હતું કે, અગાઉ કોંગ્રેસની સરકાર વખતે પણ તેમના સહિત બીજા ઘણા કલાકારોના સન્માન થતા હતા. તો તેનો મતલબ એવો તો નથી થતો કે તેઓ તથા અન્ય કલાકારો કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. કોઈ રાજકીય પક્ષમાં જોડાઈને તેઓ પોતાની નામનાને હલકી કરવા માગતા નથી. હેમંત ચૌહાણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે, તેઓ આજીવન ભજનિક અને કલાકાર રહેવા જ માગે છે કારણ કે તેઓ ભજન માટે જ જન્મ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, હું તો મારા ચાહકોના દિલોમાં રહેવા માગું છું માટે કોઈ એવી જાહેરાત કરે કે હું તેમના પક્ષમાં જોડાઈ ગયો છું તો મારા કોઈ ચાહકે તે વાતનો વિશ્વાસ કરવો નહીં. તેનું કારણ છે કે કલાકારોનો કોઈ પક્ષ નથી હોતો અને હું તો માણસનો માણસ છું. ઉલ્લેખનીય છે કે, હજુ બે દિવસ પહેલાં જ ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ગુજરાતના જાણીતા લોકસાહિત્ય કલાકારો, સંગીતકારો, લોકગાયક-ગાયિકા તથા ગુજરાતી ફિલ્મોના અભિનેતા-અભિનેત્રી ભાજપમાં જોડાયાં હતા.

જેમાં હેમંત ચૌહાણ, બંકિમ પાઠક, ભાવનાબેન લાબડીયા, સંગીતાબેન લાબડીયા, બિહારી હેમુભાઈ ગઢવી, ધનરાજભાઈ ગઢવી, અમુદાન ગઢવી, કિરીટદાન ગઢવી, શ્યામલ મુન્શી-સૌમિલભાઈ સહિતના કલાકારોનો સમાવેશ થતો હતો. પરંતુ હેમંત ચૌહાણના યુ ટર્ન બાદ ગુજરાત રાજકારણમાં જોરદાર ચર્ચા જગાવી દીધી છે તે વાત નક્કી છે.

## દેશની સૌપ્રથમ રેલ યુનિવર્સિટીના નિર્માણ માટે વાઘોડિયા ખાતે ૩૧ હેક્ટર જમીન ફાળવાઈ

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં દેશની પ્રથમ રેલ યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય કર્યો હતો તે માટે રાજ્ય સરકારે આજે વડોદરા જિલ્લાના વાઘોડિયા ખાતે ૩૧ હેક્ટર જમીન ફાળવવાનો નિર્ણય કર્યો છે. આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ આ મહત્વના નિર્ણયની વિગતો આપતાં નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે, રાજ્યમાં નિર્માણ થનાર આ પ્રથમ રેલ યુનિવર્સિટી માટે જે ૩૧ હેક્ટર જમીન ફાળવાઈ છે તે બજાર કિંમતના ૫૦ ટકા ભાવે ફાળવાશે, આ યુનિવર્સિટી આવનાર સમયમાં રેલ નેટવર્ક સહિત રેલ તથા ટ્રાન્સપોર્ટેશન સેક્ટરના અભ્યાસક્રમો અને તાલીમ માટે મહત્વની બની રહેશે, જેનો સ્થાનિક કક્ષાએ લોકોને વધુ લાભ મળશે.

પટેલે ઉમેર્યુ કે, વાઘોડિયા ખાતે નિર્માણ થનાર આ રેલ યુનિવર્સિટીમાં વિવિધ અભ્યાસક્રમો માટે વિવિધ ભવનો-કોલેજોનું નિર્માણ કરાશે. રેલ કર્મીઓને આધુનિક તાલીમ મળે તે માટે તાલીમ સેન્ટરનું પણ નિર્માણ કરાશે. ઉપરાંત વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલની સુવિધા સહિત આનુષાંગિક વ્યવસ્થાઓનું નિર્માણ કરાશે.



દિલ્હીમાં સંત રોહીદાસનું મંદિર બનાવવા બાબતે ભીમ આર્મી દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ભીમ આર્મીના કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પોતાની વાત દોહરાવી છે.

## ગોતા-ઓગણજ રોડ પર પિકઅપ વાને ત્રણને અડફેટે લીધાં : બેના મોત

અમદાવાદ, તા.૨૧

શહેરના ગોતા ઓગણજ રડ પર બેફામ બનેલા પિકઅપ વાનના ચાલકે ત્રણ વ્યક્તિને અડફેટે લેતા બે વ્યક્તિના કરૂણ મોત નીપજ્યા હતા, જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અકસ્માત એટલો ગંભીર અને ગમખ્વાર હતો કે, પિકઅપ વાને ડિવાઈડર કુદાવી સામેના રોડ પર આવી પલટી મારી ગઈ હતી જેમાં આ ત્રણ વ્યક્તિ અને વાહનો પણ અડફેટે આવી ગયા હતા. એ ડિવિઝન ટ્રાફિક પોલીસે વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, છારોડી પાસે રહેતા વિરસિંગભાઈ ધાખડ તેમના સંબંધી કલ્યાણસિંહ ધાનુક અને રાજેન્દ્ર કુશવાહ અલગ અલગ જગ્યાએ કલર કામ કરે છે. ગઈકાલે સવારે ૮-૧૫ વાગ્યે ગોતા-ઓગણજ રોડ પર કાશી શંકરા સ્કૂલ પાસે તેઓ ઉભા હતા ત્યારે બેફામ સ્પીડે ગોતાબ્રિજ તરફથી એક પિકઅપ વાન આવી હતી. ચાલકે ગાડી પર કાબુ ગુમાવતા ગાડી ડિવાઈડર કુદાવી આ ત્રણેયને અડફેટે લીધા હતા. ત્રણેયને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં કલ્યાણસિંહ અને રાજેન્દ્રનું મોત નીપજ્યું હતું. જો કે, આટલો ગંભીર અને ગમખ્વાર અકસ્માત સર્જ્યા બાદ પિકઅપ વાન ચાલક નાસી ગયો હતો. આસપાસના વાહનને પણ નુકસાન થયુ હતું. પોલીસે આરોપી પિકઅપ વાન ચાલકની શોધખોળ આદરી જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જો કે, આ અકસ્માતના બનાવ અને તેમાં બે વ્યકિતના કરૂણ મોતને લઈ સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી.

# દિલ્હી ખાતે નવ નિર્મિત "ગરવી ગુજરાત ભવન"નું બીજી સપ્ટેમ્બરે વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૨૧

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, દેશના પાટનગર દિલ્હી ખાતે અકબર રોડ ઉપર રૂ.૧૩૧ કરોડના ખર્ચે નવનિર્મિત "ગરવી ગુજરાત ભવન" નું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨ જી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ લોકાર્પણ કરાશે.

નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે, દિલ્હી ખાતે દાયકાઓથી ગુજરાત ભવન કાર્યરત છે જ પરંતુ વધતી જતી જરૂરીયાતો તથા નાગરિકોના ઘસારાને પહોંચી વળવા માટે આ નવનિર્મિત ભવનનું નિર્માણ કરાયું છે.

કેન્દ્ર સરકાર દ્વારા આ માટે ૭૦૬૬ ચો.મી. જમીન ફાળવવામાં આવી હતી જેની તમામ કિંમત રાજ્ય સરકારે ભરી દીધી હતી અને આજે આ ભવ્ય અતિ આધુનિક સુવિધાઓથી સજ્જ રાજ્ય સરકારની માલિકીનું નવીન ભવન બાંધવામાં આવ્યું છે. જેમાં ૧૯ સ્યુટ રૂમ, ૫૯ અન્ય રૂમ, બિઝનેશ હોલ, કોન્ફરન્સ હોલ, મલ્ટીપરપઝ હોલ, વિવિધ ચાર અન્ય લોન્જ, લાયબ્રેરી, યોગા સેન્ટર, જીમ્નેશીયમ, રેસ્ટોરન્ટ, ડાઈનીંગ હોલ સહિતની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી છે. આ ઉદઘાટન વેળાએ રાજ્યના સાંસ્કૃતિક ધરોહર સમાન કલા-વારસાની ઝાંખી લોકોને થાય તે માટે વિજ્ઞાન ભવન એક સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરાયુ છે. આ ઉદ્‌ઘાટન પ્રસંગે કેન્દ્ર સરકારના મંત્રીઓ સહિત ગુજરાત સરકારના મંત્રીમંડળના સભ્યો, ધારાસભ્યો સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# બેઝિક વેલ્ડિંગ કોર્સ પર ૧૮ ટકા જીએસટીને લઈ વિરોધ

અમદાવાદ, તા.૨૧

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ વેલ્ડિંગ (આઈઆઈડબલ્યુ)એ જીએસટી કાઉન્સિલ દ્વારા હાલમાં ટૂંકા ગાળાના બેઝિક વેલ્ડિંગ કોર્સીસ પર લાગુ પડી રહેલા ૧૮ ટકા ગુડ્‌ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)માં કોઈ રાહત નહિ આપવા સામે ગંભીર નારાજગી સાથે અફસોસ વ્યક્ત કર્યો છે. ઘણા ઉદ્યોગોએ વોકેશનલ ટ્રેઈનિંગ અને શિક્ષણ માટે કોર્પોરેટ સીએસઆર ફંડ્‌સમાંથી કરવામાં આવતા ખર્ચાને સંપૂર્ણ મુક્તિ આપવા જીએસટી કાઉન્સિલને રજૂઆત કરી છે.

બેઝિક વેલ્ડિંગ કોર્સીસનો ખર્ચ છ સપ્તાહના કલાસરૂમ અભ્યાસ અને શોપ ફ્લોર ટ્રેનિંગ માટે વિદ્યાર્થી દીઠ આશરે રૂ.૪૫,૦૦૦ થાય છે. આ ફીસમાં તમામ સ્ટડી મટિરિયલ અને વેલ્ડિંગના સાધનો તેમજ ટ્રેનિંગ દરમિયાન વપરાતી વસ્તુઓનો સમાવેશ થાય છે ત્યારે ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ વેલ્ડિંગ (આઈઆઈડબલ્યુ)એ જીએસટી કાઉન્સીલને રજૂઆત કરી પાયાના કૌશલ્ય વિકાસના આવા કોર્સીસને જીએસટીમાંથી મુકિત આપવા ઉગ્ર માંગણી કરી છે.



ગાંધીનગરના જાણીતા આઈ સ્પેશ્યાલીસ્ટ ડૉ. તેજલબેન દલાલે ગાંધીનગર કોર્ટ ખાતે આઈ ચેકઅપ કેમ્પનું આયોજન કર્યું હતું. કોર્ટના વકીલો, મુલાકાતીઓએ મોટી સંખ્યામાં આ કેમ્પનો લાભ લીધો હતો.

# માત્ર દોઢ વર્ષના પુત્રએ શહીદ થયેલા પિતાને મુખાગ્નિ આપી

**પશુ તસ્કરી રોકવાના પ્રયાસમાં શહીદ થયા હતા : ભારત માતા કી જય, સંજય સાધુ અમર રહોના નારાઓ લાગ્યા : પતિની શહીદી પર ગર્વ છે પણ બાળકોની ચિંતા**

અમદાવાદ, તા.૨૧

આસામના સિલિગુડી પાસે પશુ તસ્કરી રોકવાના પ્રયાસમાં ફરજ દરમ્યાન શહીદ થયેલા બીએસએફ જવાન સંજય સાધુને દોઢ વર્ષના પુત્ર ઓમ સાધુએ મુખાગ્નિ આપી હતી. શહીદ થઈને ગોરવા સ્મશાન ગૃહ ખાતે બપોરે ૧૨-૦૦ વાગ્યે અંતિમ યાત્રા પહોંચી હતી. શહીદીને અનુરૂપ અંતિમવિધિ માટે જિલ્લા, પોલીસ તંત્ર અને બીએસએફ દ્વારા તૈયારીઓ કરવામાં આવી હતી. શહીદ સંજય સાધુ તુમ અમર રહોના નારાથી



બીએસએફ જવાનોના ગાર્ડ ઓફ ઓનર સાથે પંચમહાભૂતમાં વિલિન થયો હતો, જ્યારે શહીદની પત્નીએ સોળ શણગાર સજી પતિને ધ્રુસકે ધ્રુસકે રડીને વિદાય આપી હતી. અંતિમવિધિ સમયે શહીદ જવાનનો પુત્ર ઓમ પણ રડી રહ્યો હતો. આ સમયે અંતિમવિધિમાં ઉમટેલી હજારો આંખો ભીની થઈ ગઈ હતી. શહીદની પત્ની અંજના સાધુ ચોધાર આંસુએ રડતાં જણાવ્યું હતું કે, તેના પતિની શહીદી પર ગૌરવ છે, પણ બાળકોના ભવિષ્યની ચિંતા છે. દેશ માટે મારા પતિ શહીદ થયા તેનું હું ખુબ જ ગૌરવ અનુભવુ છું. પણ મારા બાળકોનું હવે શું થશે તેની ચિંતા મને કોરી ખાય છે. સરકાર મારા બાળકો માટે કંઈક કરે તેવી માંગણી ઉચ્ચારી હતી. શહીદ સંજય સાધુનો પાર્થિવ દેહ મોડીરાત્રે વડોદરા એરપોર્ટ પર લવાયો હતો. એરપોર્ટ પર શહીદને શ્રદ્ધાંજલિ અર્પવા મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ગોરવા સ્થિત ઘરે હાલ પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે મૂકવામાં આવ્યો હતો. જ્યાં વીર શહીદ જવાનની પત્ની અંજના સાધુએ સોળે શણગાર સજીને પતિને અંતિમ વિદાય આપી હતી. સવારે ૧૦-૩૦ વાગ્યે સ્મશાન યાત્રા ગોરવા સ્થિત ભગવતીકૃપા સોસાયટીના નિવાસસ્થાનેથી નીકળી હતી અને પંચવટી, સહયોગ, આઈટીઆઈ ગોરવા વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. બીએસએફ દ્વારા શહીદવીરને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. એરપોર્ટ ખાતે શહીદના પાર્થિવદેહને રાજ્ય સરકાર વતી રાજ્યકક્ષાના મંત્રી યોગેશ પટેલે શ્રદ્ધાંજિલ અર્પી હતી. તેમજ સાંસદ, મેયર, પાલિકાના વિરોધપક્ષના નેતા, શહેર કોંગ્રેસ પ્રમુખ સહિત વિવિધ રાજકીય આગેવાનો, કલેક્ટર અને પોલીસ કમિશનરે શ્રદ્ધાંજલિ આપી હતી. ભારે સન્માન સાથે શહીદના પાર્થિવદેહને ફૂલોથી સજાવેલા સૈન્યના વાહનમાં સયાજી હોસ્પિટલ ખાસે લઈ જવાયો હતો. વીર શહીદ જવાનના અંતિમ દર્શન માટે પહોંચેલા વડોદરાના સાંસદ રંજનબેન ભટ્ટે જણાવ્યું હતું કે, ભગવાન વીર શહીદ જવાનની આત્માને શાર્તિ આપે તેવી પ્રાર્થના કરૂ છું. દેશની સુરક્ષા માટે પોતાના પુત્રને મોકલનાર માને હું સલામ કરૂ છું. પોતાના પતિને સુરક્ષા માટે મોકલનાર પત્નીને પણ હું સલામ કરૂ છું. ગઈકાલે કલેકટર શાલિની અગ્રવાલ અને પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે સંજય સાધુના વડોદરા સ્થિત નિવાસસ્થાને જઈને પરિવારજનોને સાંત્વના આપી હતી. સિલીગુડીથી ૬ કિમી દૂર પશુ તસ્કરી કરતા ગિરોહને પકડકારવા જતાં નજીક પાણીના નાળામાં પડી ગયા બાદ તેઓ ખેંચાઈ ગયા હતા.



**સનરાઈઝ ઇન્ટરનેશનલ સ્કૂલમાં જાયન્ટ્સ માલપુર વ્યસનમુક્તિ કાર્યક્રમ**

માલપુર સનરાઈઝ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જાયંટ્સ માલપુર તથા સહિયર જાયંટ્સ પીપલ્સ ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ તથા વ્યસન મુક્તિ પ્રદર્શન સાથે સ્કલના બાળકોને સમજણ આપી હતી. જેમા જાયટ્સ પ્રમુખ રમેશભાઈ ટી. સોની, સુરેન્દ્રસિહ રાઠોડ, વિઠ્ઠલભાઈ પટેલ, હાલાજી વણજારા, અનુરૂધ્ધસિહ વીરપુરા તથા સહિયર પ્રમુખ પ્રીતિબેન આર. સોની, વિરલબેન એ. વીરપુરા, ઉષાબેન આર. પટેલ, ઉર્વશીબેન સી. ભાટીયા તથા સનરાઈઝ શાળા પરિવાર સાથે ઉજવણી કરવામાં આવી હતી.

## ટાઈલ્સો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ ધોવાણ થયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં સિઝનનો હજુ પુરતો વરસાદ થયો નથી. આમછતા માર્ગો તેમજ ફુટપાથની દશા બગડી છે. શહેરના આંતરિક માર્ગો પર વોક વેની મરામત તેમજ જાળવણી વર્ષોથી થતી નથી. જયારે વાઈબ્રન્ટ સમિટ વેળાએ નગરના મુખ્યમાર્ગોની સહીત ફુટપાથના બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. શહેરમાં મુખ્યમાર્ગો સહીત સેકટરોના એપ્રોચ માર્ગો આસાપાસ પણ ફુટપાથનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આમછતા ફુટપાથની જાળવણી મામલે કોઈ ગતિવિધિ હાથ ધરાતી નથી. શહેરના ગ માર્ગ પર આર ટી ઓ કચેરી પાસે વોક વે પર ચાલતા ચેકર ટાઈલ્સ પણ ખખડે છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર ફુટપાથ પર મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. નગરના ચ માર્ગ પર ફુટપાથ પણ જમીનમાં અંદર ઘસી ગઈ છે. વરસાદી દિવસોમાં નગરના મુખ્યમાર્ગોની ફુટપાથની ટાઈલ્સો પણ ઉખડી પડી છે. શહેરમાં ફુટપાથ નિર્માણ પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યા બાદ તંત્ર દ્વારા સમયાંતરે જાળવણીનુ કામ પણ હાથ ધરવામાં આવતુ નથી. જેના લીધે નગરની ફુટપાથ વોક વે સમાન રહી નથી. આમ નાગરિકોને વોકીંગ કરવામાં પણ અકસ્માતનો ભોગ બનવો પડે તેવી દહેશત છે.

## કક્ષામાં પ્રવેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચન્દ્રયાન-૨ ગઈકાલે સવારે ૯.૩૦ વાગે ચન્દ્રની કક્ષામાં પ્રવેશ કરી જતા ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આની સાથે જ ભારતે અંતરિક્ષમાં વધુ એક મોટી સિદ્ધી હાંસલ કરી લીધી હતી. ચંદ્રના ૩ લાખ ૮૪ હજાર કિલોમીટરની યાત્રા ઉપર નિકળેલા ચંદ્રયાન હવે પોતાના મિશનથી માત્ર ૧૮૦૦૦ કિલોમીટરના અંતરે છે. ચંદ્રયાન સીધીરીતે ચંદ્ર તરફ ગયું નથી પરંતુ પૃથ્વી અને ચંદ્રની કક્ષાઓમાં ચક્કર લગાવીને આગળ વધી રહ્યું છે. આગામી સપ્તાહ ખુબ જ પડકારરુપ રહેનાર છે. ભારતીય અંતરિક્ષ સંસ્થા ઈસરોના કહેવા મુજબ ચન્દ્રયાન-૨ પર લાગુ કરવામાં આવેલી બે મોટરને સક્રિય કરવાથી આ સ્પેસક્રાફટ ચન્દ્રની સપાટી પર પ્રવેશ કરી જતા હવે વૈજ્ઞાનિક ભારે ઉત્સાહિત છે. ચન્દ્રયાન-૨ ચન્દ્રની સપાટીમાં પ્રવેશ કરવાની સાથે જ કઠોર પરીક્ષામાંથી પસાર થનાર છે. ચન્દ્રની કક્ષામાં પ્રવેશ કરવાની સાથે સ્પેસ ક્રાફટની સ્પીડ ધીમી કરવા માટે ઓનબોર્ડ પ્રોપલ્શન સિસ્ટમને ફાયર કરવામા ંઆવનાર છે. જેથી સ્પેસક્રાફટ ચનવ્દ્રના ગુરૂત્વાકર્ષણ પ્રભાવમાં આવી શકશે.

## ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે શુક્રવારના દિવસે સુનાવણી હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. દિલ્હી હાઈકોર્ટ તરફથી તેમની વચગાળાની જામીન અરજીની ફગાવી દેવામાં આવ્યા બાદ પૂર્વ નાણાંમંત્રીની વકીલોની ટીમની દોડધામ વધી ગઈ હતી. આજે દિવસમાં સુપ્રીમ કોર્ટે આ મામલાની સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ ચિદમ્બરમના ૧૧ વકીલોની ટીમે સીજેઆઈ સમક્ષ રજુઆત કરી હતી. હવે આ મામલાની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટે ૨૩મી ઓગસ્ટની તારીખ નક્કી કરી છે. ચિદમ્બરમના વકીલ ઈચ્છતા હતા કે, સુપ્રીમ કોર્ટમાં આજે જ આ મામલા પર સુનાવણી કરવામાં આવે અને તેમની ધરપકડ પર સ્ટે મળી જાય પરંતુ આ બાબત શક્ય બની ન હતી. જસ્ટિસ રમનાની પીઠે કહ્યું હતું કે, આ કેસ લિસ્ટિંગમાં નથી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ચિદમ્બરમ તરફથી રજુઆત કરતા વરિષ્ઠ વકીલ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલે પૂર્વ નાણામંત્રીની ધરપકડ પર સ્ટે મુકવાની અપીલ કરી હતી. મંગળવાર સાંજે સીબીઆઈ અને ઈડીની ટીમ તેમના દિલ્હી આવાસ પર પહોંચી હતી પરંતુ તેઓ ઘરે મળ્યા ન હતા.

## યોગી કેબિનેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વરુણને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. તેમની ૧૧મી અને ૧૨ લોકસભા ચૂંટણીમાં જીત થઈ હતી. દલિત નેતા તરીકે તેમની ખુબ લોકપ્રિયતા રહી છે. રાજ્યમંત્રી સ્વતંત્ર પ્રભાર તરીકે ટીમમાં સામેલ કરવામાં આવેલામાં કલિપદેવ અગ્રવાલ, સતીશ ચંદ્ર દ્વિવેદી, અશોક કટારિયા, શ્રીરામ ચૌહાણ, રવિંદ્ર જાયસવાલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અનિલ શર્મા, મહેશ ચંદ્ર ગુપ્તાને રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. રાજભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં તમામને રાજ્યપાલ આનદીબેન પટેલે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. શપથવિધી કાર્યક્રમમાં તમામ લોકો હાજર રહ્યા હતા. પાંચ પ્રધાનોને પ્રમોટ કરીને કેબિનેટ પ્રધાન બનાવવામાં આવ્યા છે. યોગી આદિત્યનાથે કેબિનેટનુ વિસ્તરણ કરતી વેળા તમામ બાબતોને ધ્યાનમાં લીધી છે. જેમાં જાતિય સમીકરણ અને ક્ષેત્રીય સંતુલનનો સમાવેશ થાય છે. સાત પ્રધાનોને સારી કામગીરી બદલ ઈનામ આપવામાંઆવ્યુ છે. બે રાજ્યપ્રધાનોને પ્રમોટ કરવામાં આવ્યા છે. યોગી આદિત્યનાથ હવે ટુંક સમયમાં યોજાનારી પેટાચૂંટણીને લઈને તૈયારીમાં લાગી ગયા છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણી દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ જોરદાર દેખાવ યુપીમાં પણ કર્યો હતો. જે ધારાસભ્યો જીતી ગયા હતા. તેમની સીટો પર હવે પેટાચૂટણી યોજાનાર છે. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની પેટાચૂંટણી માટેની તૈયારી પણ થઈ ચુકી છે. આજે પાંચ સ્વંતંત્ર પ્રભાર મંત્રીઓને કેબિનેટ પ્રધાન બનાવાયા છે.

## રક્તપાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાથ લાગી છે. આઈએસઆઈ પાકિસ્તાનના મુજફ્ફરાબાદના બસવનાડા કેમ્પમાં યુવાનોને ત્રાસવાદી સંગઠનોમાં સામેલ થવા માટે ઉશ્કેરી રહી છે. ત્રાસવાદીઓની ભરતી બાદ તેમને ત્રાસવાદી સંગઠન અલ બદરના લોકો પાસેથી ટ્રેનિંગ લેવા માટે કહેવામાં આવી રહ્યુ છે. ત્રાસવાદી તૈયાર કરવામાં આવ્યા બાદ આઈએસઆઈ તેમને લીપા અને કેરન સેક્ટરના લોંચ પેડ ખાતેથી એલઓસી પાર કરીને ઘુસણખોરી કરવા માટેની તૈયારીમાં છે. ઈન્ટેલિજન્સ સુત્રોના કહેવા મુજબ ત્રાસવાદી સંગઠન પાકિસ્તાનના પેશાવર અને ક્વેટાના ટ્રાઈબલ વિસ્તારમાં પણ ભરતી ઝુંબેશ ચલાવવામાં વ્યસ્ત છે.